205-206, Aadarsh Plaza,
Opp.Gujarat Gas Office,
Near Raiya Telephone Ex.,
150 Feet Ring Road.
Rajkot - 360 005

**Mobile : 94272 62427 / 90999 64269**

e: argodhani.advocate@gmail.com

**Amit R. Godhani**
Advocate ( Gujarat High court )

# :: <u>ટાઈટલ રીપોર્ટ</u> ::

**પ્રતી,**
**શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી**
**પેઢીના ભાગીદારો દરજજે ::–**

| | | |
|---|---|---|
| (૧) | **શ્રી કરણ મહેન્દ્રકુમાર ભલાણી,** | હિન્દુ, ઉ.વ.આ.૨૮, ધંધો : વેપાર, |
| (૨) | **શ્રી રેનીશકુમાર મનસુખલાલ ચાંગેલા,** | હિન્દુ, ઉ.વ.આ.૩૩, ધંધો : વેપાર, |
| (૩) | **શ્રી ધર્મેશકુમાર માધવજીભાઈ ભાલોડીયા,** | હિન્દુ, ઉ.વ.આ.૩૭, ધંધો : વેપાર, |
| (૪) | **શ્રી અર્ચનાબેન ધર્મેશકુમાર ભાલોડીયા,** | હિન્દુ, ઉ.વ.આ.૩૪, ધંધો : વેપાર, |
| (૫) | **શ્રી કીર્તિકુમાર નાથાલાલ ડઢાણીયા,** | હિન્દુ, ઉ.વ.આ.૫૨, ધંધો : વેપાર, |
| (૬) | **શ્રી જીતકુમાર રસિકભાઈ ભાલોડીયા,** | હિન્દુ, ઉ.વ.આ.૨૭, ધંધો : વેપાર, |

બધાનુ ઠે. એ–૪૦૧, ડેકોરા ઉત્સવ,
ચંદન સુપર માર્કેટની બાજુમાં, સાધુવાસવાણી રોડ,
રાજકોટ

A. R. GODHANI ADVOCATE

**<u>બાબત</u> :–** **<u>આપની માલીકીની સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબધે અભિપ્રાય</u>**

**મહોદયશ્રી,**

આપના તરફથી આપની માલીકીની આ નીચે જણાવેલ મિલ્કતના ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ અમારા અભિપ્રાય માટે અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે, જે ફાઈલમાં શામેલ દસ્તાવેજોનો અભ્યાસ કરી તે બાબતે અમો અમારો અભિપ્રાય નીચે મુજબ આપીએ છીએ.

**<u>સ્થાવર મિલ્કતનું વર્ણન:–</u>**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ–ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ મોજેગામ **મવડી** ના **રેવન્યુ સર્વે નં. ૨૦** પૈકીના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૦૮ થી પ્લોટ નં.૧૧૧ ના **સબ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૧/૧** ની **જમીન ચો.મી.આ.** ૬૩૯–૨૦ ઉપર બાંધવામાં આવેલ **'સ્વયમ સ્પેસ'** તરીકે ઓળખાતી લો–રાઈઝ બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલુ કરેલ છે કે જે સમગ્ર મિલ્કતની ચતુ:સીમા નીચે મુજબ છે.

**<u>સ્થાવર મિલ્કતની ચતુઃસીમા :–</u>**

| | | |
|---|---|---|
| ઉતરે | : | માર્જીન બાદ ૨૪–૦૦ મી. નો રોડ આવેલ છે.<br>તે તરફ માપ મી. ૩૦–૭૪ છે. તે તરફ ગોળાઈ આવેલ છે. |
| દક્ષીણે | : | માર્જીન બાદ લાગુ સબ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૧/૨ તથા ૩ આવેલ છે.<br>તે તરફ માપ મી. ૩૦–૪૮ છે. |
| પૂર્વે | : | માર્જીન બાદ ૯–૦૦ મી. નો રોડ આવેલ છે.<br>તે તરફ માપ મી. ૧૯–૪૩ છે. તે તરફ ગોળાઈ આવેલ છે. |
| પશ્ચિમે | : | માર્જીન બાદ ૯–૦૦ મી. નો રોડ આવેલ છે.<br>તે તરફ માપ મી. ૨૩–૫૫ છે.તે તરફ ગોળાઈ આવેલ છે. |

**<u>ટાઈટલ ડીડઝ :–</u>**

/૧/ સબ–રજી. કચેરીમાં ૩૦ (ત્રીસ) વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૨૧૦૨૨૦૧૯૮૧૭, તા.૨૩/૦૯/૨૦૨૧ તથા ૨૦૨૧૦૨૩૦૨૬૭૯૫, તા.૨૩/૦૯/૨૦૨૧ તથા ૨૦૨૧૩૨૬૦૧૩૨૫૨, તા.૨૨/૦૯/૨૦૨૧ ની– નકલ.

/૨/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં. ૪૦૫, તા.૩૧/૦૩/૨૦૨૧ ની તથા બિલ્ડીંગ પ્લાનની નકલો.

/૩/ રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના જમીન આંકવા / ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નંબર ૧૧૬, તા. ૧૮/૦૧/૨૦૨૧ ની તથા સબ પ્લોટીંગ પ્લાનની નકલ.

/૪/ શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના ગામ નમુના નં.૨ ની નકલ.

/૪/ શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામનો સીટી સર્વે હકક ચોકસી ન થયા અંગેના દાખલાની નકલ.

/૫/ અનુક્રમ નં.૭૨૬૯, તા.૨૦/૧૦/૨૦૨૦ થી શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી શિવલાલ અવચરભાઈ આદ્રોજાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૬/ અનુક્રમ નં.૭૨૬૮, તા.૨૦/૧૦/૨૦૨૦ થી શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૭/ અનુક્રમ નં.૬૦૫૬, તા.૦૧/૧૦/૨૦૨૦ થી શ્રી એન્ટરપ્રાઈઝના ભાગીદારો વચ્ચે કરવામાં આવેલ ભાગીદારી ફેરફાર દસ્તાવેજની તથા તેના ફર્મ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ.

/૮/ અનુક્રમ નં.૩૭૫૭, તા.૦૩/૦૬/૨૦૧૯ થી શ્રી એન્ટરપ્રાઈઝના ભાગીદારો વચ્ચે કરવામાં આવેલ ભાગીદારી દસ્તાવેજની નકલ.

A. R. GODHANI ADVOCATE

/૯/ અનુક્રમ નં.૮૨૨૨, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૨/૦૮/૨૦૦૬) થી શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજા જોગ શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૧૦/ અનુક્રમ નં.૮૨૩૭, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૬/૦૯/૨૦૦૬) થી શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજા જોગ શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૧૧/ અનુક્રમ નં.૮૨૩૮, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૬/૦૯/૨૦૦૬) થી શ્રી શિવલાલ અવચરભાઈ આદ્રોજા જોગ શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૧૨/ અનુક્રમ નં.૮૨૨૮, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૨/૦૮/૨૦૦૬) થી શ્રી શિવલાલ અવચરભાઈ આદ્રોજા જોગ શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૧૩/ કલેકટર કચેરી, રાજકોટના હુકમ નં. એન.એ.લે.રે.કો.ક.૬૫–કેસ નં. ૮૯/૨૦૦૧–૨૦૦૨, તા.૨૪/૦૧/૨૦૦૨ ની નકલ

/૧૪/ રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના જમીન આંકવા / ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં. ૨૨૪૦, તા. ૦૩/૧૨/૨૦૦૧ ની તથા મંજુર થયેલ બીનખેતી લે–આઉટ પ્લાનની નકલ.

/૧૫/ હિસ્સા ફોર્મ નં.૪ તથા પ્લોટ વેરીફિકેશન માપણી શીટના દાખલાની નકલ.

/૧૬/ હિસ્સા ફોર્મ નં.૪ તથા માપણી શીટના દાખલાની નકલ.

/૧૭/ પાર્ટ પ્લાન તથા ઝોન સર્ટીની નકલ.

/૧૮/ પ્રમોલગેશનની ઉતરોતર તમામ નોંધની નકલ.

/૧૯/ ટીપ્પણની નકલ.

ઉપરોકત ટાઈટલ ડીડઝ અમોએ તપાસતા જણાય છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજેગામ **મવડી** ના રેવન્યુ સર્વે નં. ૨૦ ની ખેડવાણ જમીન **એકર ૧૮–૬ ગુંઠા** કે જે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૨૩૮ થી શ્રી માધા હીરાના સ્વતંત્ર નામે અને ખાતે આવેલ.

ત્યારબાદ શ્રી માધા હીરાનું તા ૧૨/૧૦/૧૯૯૩ ના રોજ અવસાન થતા રેવન્યુ **સર્વે નં. ૨૦** ની ખેડવાણ જમીન **એકર ૧૮–૦૬ ગુંઠા** માં તેઓના કાયદેસરના અને સીધીલીટીના વારસદાર તરીકે (૧) જડીબેન માધાભાઈ (૨) અમરતબેન માધાભાઈ (૩) જયાબેન માધાભાઈ (૪) લાભુબેન માધાભાઈ (૫) પરસોતમભાઈ માધાભાઈ (૬) જયંતિલાલ માધાભાઈના નામ દાખલ કરવામાં આવેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૬૮૨, તા.૦૫/૧૨/૧૯૯૩ થી નોંધ દાખલ કરવામાં આવેલ.

A. R. GODHANI ADVOCATE

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં. ૨૦ ની જમીન એકર ૧૮–૦૬ ગુઠા ની સંયુકત ખાતેદારો વચ્ચે નોંધ નં. ૧૨૭૭, તા. ૦૫/૦૨/૨૦૦૦ થી વહેંચણી થતા રેવન્યુ સર્વે નં. ૨૦ ની જમીન એકર ૯–૦૩ ગુઠા પરસોતમભાઈ માધાભાઈ ના હિસ્સે આવેલ તથા રેવન્યુ સર્વે નં. ૨૦ ની જમીન એકર ૯–૦૩ ગુઠા જયંતિલાલ માધાભાઈના હિસ્સે આવેલ.

ત્યારબાદ પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ સદરહું રેવન્યુ સર્વે નં. ૨૦ પૈકી ની ખેડવાણ જમીન એકર ૯–૦૩ ગુઠા ને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ હેઠળ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં અરજી કરતા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટએ તેમના હુકમ નં. એન.એ.લે.રે.કો.ક.૬૫–કેસ નં. ૮૯/૨૦૦૧–૨૦૦૨, તા.૨૪/૦૧/૨૦૦૨ થી બીનખેતીની પરવાનગી આપેલ છે, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૬૬૬૫, તા.૨૭/૦૩/૨૦૦૨ થી નોંધ દાખલ કરવામાં આવેલ અને રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના જમીન આંકવા / ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નંબર ૨૨૪૦, તા. ૦૩/૧૨/૨૦૦૧ થી બીનખેતી લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ **મવડી–૧** ગામનું મહેસુલી રેકર્ડજ કોમ્પુટરાઈઝ કરતા નોંધ નં. ૧૪૭૦૮ તથા ૨૪૮૨૪ દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૦૮** ની જમીન **ચો.મી.આ. ૧૦૬–૮૩** શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૮૨૨૮, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૨/૦૮/૨૦૦૬) થી શ્રી શિવલાલ અવચરભાઈ આદ્રોજાને વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧૦૨૬૭, તા.૧૨/૦૧/૨૦૦૭ થી નોંધ દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૦૯** ની જમીન **ચો.મી.આ. ૩૦૪–૪૪** શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૮૨૩૮, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૬/૦૯/૨૦૦૬) થી શ્રી શિવલાલભાઈ અવચરભાઈ આદ્રોજાને વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧૦૨૬૮, તા.૧૨/૦૧/૨૦૦૭ થી નોંધ દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૧૦** ની જમીન **ચો.મી.આ. ૨૭૩–૫૦** શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૮૨૩૭, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૬/૦૯/૨૦૦૬) થી શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજાને

.. ૫ ...

વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧૦૨૬૯, તા.૧૨/૦૧/૨૦૦૭ થી નોંધ દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૧૧** ની જમીન **ચો.મી.આ. ૧૦૬-૮૩** શ્રી પરસોતમભાઈ માધાભાઈ સોરઠીયાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૮૨૨૨, તા.૨૧/૦૭/૨૦૦૬ (નોંધ્યા તા. ૨૨/૦૮/૨૦૦૬) થી શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજાને વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧૦૨૭૦, તા.૧૨/૦૧/૨૦૦૭ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ અનુક્રમ નં.૩૭૫૭, તા.૦૩/૦૬/૨૦૧૯ થી શ્રી કરણ મહેન્દ્રકુમાર ભલાણી વિગેરે – ૫ દ્વારા'શ્રી એન્ટરપ્રાઈઝ' ભાગીદારી પેઢીના નામે ભાગીદારી દસ્તાવેજ કરવામાં આવેલ તેમજ અનુક્રમ નં. ૬૦૫૬, તા.૦૧/૧૦/૨૦૨૦ થી 'શ્રી એન્ટરપ્રાઈઝ' ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે ભાગીદારી ફેરફાર દસ્તાવેજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૧૦ તથા ૧૧૧** ની કુલ જમીન **ચો.મી.આ. ૩૮૦-૩૩** શ્રી નરેન્દ્રભાઈ શિવલાલભાઈ આદ્રોજાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૭૨૬૮, તા.૨૦/૧૦/૨૦૨૦ થી શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૨ ની નોંધ નં. ૩૪૦૬ મુજબ સદરહું જમીન શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલ છે.

ત્યારબાદ સદરહુ **મવડી** ના રેવન્યુ સર્વે નં. **૨૦ પૈકી** ના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **"ગોવિંદરત્ન ગ્રીન સીટી"** (જુની મધુવન સોસાયટી) તરીકે ઓળખાતા જમીનના **પ્લોટ નં. ૧૦૮ તથા ૧૦૯** ની કુલ જમીન **ચો.મી.આ. ૪૧૧-૨૭** શ્રી શિવલાલભાઈ અવચરભાઈ આદ્રોજાએ રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૭૨૬૯, તા.૨૦/૧૦/૨૦૨૦ થી શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, જે અંગે ગામ નમુના નં. ૨ ની નોંધ નં. ૩૪૦૭ મુજબ સદરહું જમીન શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલ છે.

ત્યારબાદ શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ સદરહું પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૧ નું એમોલગેશન કરી સબ-પ્લોટીંગ કરવા માટે રાજકોટ મ્યુનીસીપલ

A. R. GODHANI ADVOCATE

.. ૬ ...

કોર્પોરેશનમાં અરજી કરતાં રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના જમીન આંકવા / ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નંબર ૧૧૬, તા. ૧૮/૦૧/૨૦૨૧ થી પરવાનગી મેળવી સબ–પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૧/૧ થી ૧૦૮ થી ૧૧૧/૩ એમ ૩ (ત્રણ) સબ–પ્લોટસ મંજુર કરાવેલ છે.જે અંગે ગામ નમુના નં. ૨ ની નોંધ નં. ૩૬૭૧ થી નોંધ દાખલ કરવામાં આવેલ છે. આમ સદરહું સબ–પ્લોટસ નં. ૧૦૮ થી ૧૧૧/૧ થી ૧૦૮ થી ૧૧૧/૩ ની જમીન શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલ છે.

ત્યારબાદ શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ સદરહુ સબ–પ્લોટસ પૈકી સબ–પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૧/૧ જમીન ચો.મી.આ. ૬૩૯–૨૦ ઉપર વાણીજય હેતુ માટેની ઈમારતનું બાંધકામ કરવા માટે રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં અરજી કરતા રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં. ૪૦૫, તા.૩૧/૦૩/૨૦૨૧ થી બાંધકામ પરવાનગી મેળવી બિલ્ડીંગ પ્લાન મંજુર કરાવેલ છે અને તે રીતે સદરહુ જમીન ઉપર મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબનું વાણીજય હેતુ માટેની **'સ્વયમ સ્પેસ'** નામની બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલુ કરેલ છે અને તે રીતે સદરહુ **'સ્વયમ સ્પેસ'** તરીકે ઓળખાતી વાણીજય હેતુ માટેની બહુમાળી ઈમારત તથા તે માંહે આવેલ તમામ યુનીટસ શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સ્વતંત્ર કબ્જા,ભોગવટા અને માલીકીના આવેલ છે.

ઉપરોકત વર્ણનવાળા ઉતરોતર ટાઈટલ ડીડઝ તપાસતા તેમજ સબ રજીસ્ટાર કચેરી, રાજકોટ માં છેલ્લા ૩૧ વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૨૧૦૨૨૦૧૯૮૧૭, તા.૨૩/૦૯/૨૦૨૧ તથા ૨૦૨૧૦૨૩૦૨૬૭૯૫, તા.૨૩/૦૯/૨૦૨૧ તથા ૨૦૨૧૩૨૬૦૧૩૨૫૨, તા.૨૨/૦૯/૨૦૨૧ થી ભરેલ છે અને રેકર્ડ તપાસેલ છે અને આ મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી, તેથી ઉતરોતર દસ્તાવેજોના આધારે સ્પષ્ટ માનવાને કારણ છે કે ઉપરોકત મિલ્કત **શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી**ના સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીની આવેલ છે અને તે રીતે સદરહુ મિલ્કતનો કોઈપણ પ્રકારે વહીવટ કરવા શ્રી એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોને સંપૂર્ણ સતા અને અધિકાર છે અને મારા સ્પષ્ટ અભીપ્રાય મુજબ સવાલ વાળી મિલ્કતના ટાઈટલ કોઈપણ ગીરો બોજા વગરના વ્યાજબી શંકા રહીત માર્કેટેબલ તથા ટાઈટલ કલીયર હોવાનુ મારૂ માનવુ છે.

રાજકોટ

તા. ૦૮/૧૦/૨૦૨૧

A. R. GODHANI ADVOCATE

**અમીત. આર. ગોધાણી**

– એડવોકેટ

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 20 પૈકી,સબ-પ્લોટ નં. 108 થી 111/1

Search in : Mavdi/Mavdi

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૩૨૬૦૧૩૨૫૨ | અરજી નંબર | ૪૭૫૧ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૨૨ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અમીત આર. ગોધાણી એડ. શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી..............................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો..............................

શેરોની નકલ કરવા માટે ફી..............................

ટપાલ ખર્ચ..............................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..............................

શોધ અગર તપાસણી............Year: 2012 2021 ૧૧૦.૦૦

દંડ કલમ-૨૫..............................

કલમ-૩૪ (કલમ-૫૭ )..............................

નકલ ફી ફોલીયો..............................

ઈન્ડેક્ષ-૨ ફી ..............................

THE SEAL OF THE SUB-REGISTRAR OF રાજકોટ સબ રજીસ્ટ્રારનો સિક્કો રાજકોટ-૬ (મવડી) RAJKOT-6 (MAVADI)

| કુલ એકંદરે રૂ. | ૧૧૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો દસ પુરા

દસ્તાવેજ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

__________ ના દિવસે તૈયાર થશે અને __________________ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

G.C.Barvadiya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 6 - મવડી

અંકે રૂ. : 110.00

20210922731277745

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 6 - મવડી

IGR-NIC(G) -3018140143438767172 (W) ૨૨/૦૯/૨૦૨૧ 16:02:36

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.ન.20 પૈકી સબપ્લોટ ન.108 થી 111/1

Search in : મવડી /MAVDI

| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૩૦૨૬૭૯૫ | અરજી નંબર | ૧૫૪૧૦ | અરજી વર્ષ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૩ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ એમ.આર.ગોધાણી(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | |
| શેરોની નકલ કરવા માટે ફી................................ | |
| ટપાલ ખર્ચ................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................ | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2012 | ૧૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )..................................... | |
| નકલ ફી ફોલીયો.......................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .............................................. | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-2 (MORBI ROAD)

| કુલ એકંદરે રૂ. | ૧૬૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો સાઈઠ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

અંકે રૂ. : 160.00

20210922280190528

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 2

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મવડી સ.નં.20 પૈકી સબ પ્લોટ નં.108 થી 111/1

Search in : RAJKOT-1/RAJKOT-1

પહોંચ નંબર ૨૦૨૧૦૨૨૦૧૯૮૧૭ અરજી નંબર ૧૩૭૬૧ અરજી વર્ષ ૨૦૨૧

તારીખ ૨૩ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧

રજુ કરનારનું નામ અમીત આર.ગોધાણી શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.......................................... | |
| ટપાલ ખર્ચ............................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )......................... | |
| શોધ અગર તપાસણી............Year: 1991 1998 | ૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )............................................... | |
| નકલ ફી ફોલીયો..................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................ | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF / રાજકોટ સબ રજીસ્ટ્રારનો (સિક્કો) / સત્યમેવ જયતે / રાજકોટ-૧ (સીટી) / RAJKOT-1 (CITY)

| કુલ એકંદરે રૂ. | ૯૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા નેવું પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

B. K. CHAVADA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 90.00

20210922524336821

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1